स्टेच्युटरी टाउन्समां (वैधानिक नगरो) हाथथी सफाइ काम करनार सफाइ कामदारो (मेन्युअल स्केवेन्जर्स) अंगेनी मोजणी बाबत.

ગુજરાત સરકાર,
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ,
ઠરાવ ક્રમાંકઃપરચ-૧૦૨૦૦૧૨-૭૨૭૦૫૬(પાર્ટ.૧)-ગ
સચિવાલય, ગાંધીનગર
તારીખઃ ૨૬/૩/૨૦૧૩.

**વંચાણે લીધાઃ**

(૧) ભારત સરકારના સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રાલયના તા. ૦૩/૧૦/૨૦૧૨ ના પત્ર ક્રમાંકઃ ૧૯૦૧૪/૧૨/૨૦૧૧-એસસીડી-૪.

(૨) ભારત સરકારના સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રાલયના તા. ૨૬/૦૨/૨૦૧૩ ના પત્ર ક્રમાંકઃ ૧૯૦૧૪/૦૪/૨૦૧૩-એસસીડી-૪.

**ઠરાવઃ**

ગુજરાત રાજય વર્ષ ૧૯૯૨ થી હાથેથી/માથેથી મેલું ઉપાડવા મુકત રાજય જાહેર થયેલું છે. રાજયમાં ધી એમ્પલોયમેન્ટ ઓફ મેન્યુઅલ સ્કેવેન્જર્સ એન્ડ કન્ટ્રકશન ઓફ ડ્રાય લેટ્રીન્સ (પ્રોહિબીશન) એકટ, ૧૯૯૩ નો અસરકારક રીતે અમલીકરણ કરવામાં આવે છે. રાજયમાં કોઈ પણ જગ્યાએ મેન્યુઅલ સ્કેવેન્જર્સ જણાયેલ નથી. ભારત સરકારના સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રાલય હસ્તકની ટાસ્ક ફોર્સ સમિતિની ભલામણ અન્વયે અને ભારતની વસ્તી ગણતરી નિયામકશ્રી ધ્વારા વર્ષ ૨૦૧૨ માં હાઉસ લીસ્ટીંગ અને હાઉસ સેન્શસના આંકડા પ્રસિધ્ધ કરવામાં આવે છે. જે ધ્યાને લઈ ભારત સરકારે તમામ સ્ટેચ્યુટરી ટાઉનમાં મેન્યુઅલ સ્કેવેન્જીંગ પરત્વેની માહિતી મેળવવા એક સર્વે હાથ ધરવા નકકી કરી વંચાણે લીધેલ ઠરાવોથી જરૂરી કાર્યવાહી કરી આ કાર્યવાહી સમય મર્યાદામાં પૂર્ણ કરવા માટે સૂચનાઓ આપવામાં આવેલ છે. કાળજી પૂર્વકની વિચારણાને અંતે મેન્યુઅલ સ્કેવેન્જર્સ અંગેના સર્વેની કામગીરી માટે સરકારશ્રીની આથી અનુમતી આપવામાં આવે છે.

૧. મેન્યુઅલ સ્કેવેન્જીંગ અંગેના સર્વેની કામગીરી માટે સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગને "નોડલ ડિપાર્ટમેન્ટ" તરીકે જાહેર કરવામાં આવે છે.

૨. આ સર્વેની કામગીરી માટે આથી રાજય કક્ષા, જિલ્લા કક્ષા અને તાલુકા કક્ષાની તથા નગરપાલિકા કક્ષાની સમિતિઓની રચના નીચે મુજબ કરવા ઠરાવવામાં આવે છે.

અ. રાજય કક્ષાની સર્વે સમિતિ નીચે મુજબ રહેશે..

| ક્રમ | સભ્યનું નામ | હોદ્દો |
|---|---|---|
| ૧ | અગ્ર સચિવશ્રી, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ | અધ્યક્ષ |
| ૨ | અગ્ર સચિવશ્રી, શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ | સભ્ય |
| ૩ | નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ, ગાંધીનગર | સભ્ય |
| ૪ | નાયબ સચિવશ્રી, (અજાક) સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, ગાંધીનગર. | સભ્ય |
| ૫ | નિયામકશ્રી, નગરપાલિકાઓ, ગાંધીનગર | સભ્ય |
| ૬ | મેનેજીંગ ડિરેકટરશ્રી, ગુજરાત સફાઈ કામદાર વિકાસ નિગમ, ગાંધીનગર | સભ્ય સચિવ |
| ૭ | મુખ્ય કારોબારી અધિકારીશ્રી, ગુજરાત મ્યુનિસીપલ ફાઈનાન્સ બોર્ડ, ગાંધીનગર | સભ્ય |
| ૮ | રીજીયોનલ નિયામકશ્રી, એન.આઈ.સી. ગાંધીનગર | સભ્ય |
| ૯ | નિયામકશ્રી, અર્થશાસ્ત્ર અને આંકડાશાસ્ત્ર બ્યુરો, ગાંધીનગર | સભ્ય |
| ૧૦ | રીજીયોનલ ડાયરેકટરશ્રી, વસ્તી ગણતરી, ગુજરાત રાજય, ગાંધીનગર | સભ્ય |
| ૧૧ | રેલ્વે ડિવીઝન, અમદાવાદના પ્રતિનિધિ | સભ્ય |
| ૧૨ | પ્રમુખશ્રી, હરિજન સેવક સંઘ, અમદાવાદ | સભ્ય |
| ૧૩ | નિયામકશ્રી, કામદાર સ્વાસ્થ્ય સુરક્ષા મંડળ, અમદાવાદ | સભ્ય |
| ૧૪ | સફાઈ કામદારોના બે પ્રતિનિધિ સભ્ય જે પૈકી એક મહિલા (હવે પછી નકકી કરવામાં આવશે). | સભ્ય |

બ. જિલ્લા કક્ષાની સર્વે સમિતિ નીચે મુજબ રહેશે.

| ક્રમ | સભ્યનું નામ | હોદ્દો |
|---|---|---|
| ૧ | કલેકટરશ્રી | અધ્યક્ષ |
| ૨ | જિલ્લામાં આવેલ મ્યુનિસીપલ કોર્પોરેશનના ડે. કમિશનર અથવા હેલ્થ અધિકારી | સભ્ય |
| ૩ | જિલ્લા પછાત વર્ગ કલ્યાણ અધિકારીશ્રી | સભ્ય સચિવ |
| ૪ | સમાજ કલ્યાણ અધિકારીશ્રી(પંચાયત) | સભ્ય |
| ૫ | જિલ્લા મેનેજર, એન.આઈ.સી. | સભ્ય |
| ૬ | જિલ્લા આંકડા અધિકારીશ્રી | સભ્ય |
| ૭ | રેલ્વે વિભાગના એક પ્રતિનિધિ | સભ્ય |
| ૮ અને ૯ | જિલ્લાની સ્વૈચ્છિક સંસ્થાના બે પ્રતિનિધિ | સભ્ય |
| ૧૦ અને ૧૧ | જિલ્લામાં સફાઈ કામદારોના બે પ્રતિનિધિ જે પૈકી એક મહિલા | સભ્ય |

ક્ર: ૦૮ થી ૧૧ પરના પ્રતિનિધિઓના નામો જિલ્લા કલેકટરશ્રીઓએ માન. પ્રભારી મંત્રીશ્રીના પરામર્શમાં નકકી કરવાના રહેશે

ક. **તાલુકા કક્ષાની સર્વે સમિતિ નીચે મુજબ રહેશે.**

| ક્રમ | સભ્યનું નામ | હોદ્દો |
|---|---|---|
| ૧ | પ્રાંત અધિકારીશ્રી | અધ્યક્ષ |
| ૨ | મામલતદારશ્રી | સભ્ય |
| ૩ | તાલુકામાં આવેલ તમામ નગરપાલીકાના ચીફ ઓફિસરશ્રી | સભ્ય |
| ૪ | સમાજ કલ્યાણ અધિકારીશ્રી(પંચાયત) | સભ્ય સચિવ |
| ૫ | રેલ્વે વિભાગના એક પ્રતિનિધિ | સભ્ય |
| ૬ અને ૭ | બે સ્વૈચ્છિક સંસ્થાના પ્રતિનિધિ | સભ્ય |
| ૮ અને ૯ | સફાઈ કામદારોના બે પ્રતિનિધિ જે પૈકી એક મહિલા | સભ્ય |

ક્ર: ૦૬ થી ૦૯ પરના પ્રતિનિધિ ઓના નામો જિલ્લા કલેકટરશ્રીઓએ નકકી કરવાના રહેશે.

ડ. **નગરપાલિકા કક્ષાની સમિતિ નીચે મુજબ રહેશે.**

| ક્રમ | સભ્યનું નામ | હોદ્દો |
|---|---|---|
| ૧ | પ્રાંત અધિકારીશ્રી, | અધ્યક્ષ |
| ૨ | મામલતદારશ્રી | સભ્ય |
| ૩ | તાલુકામાં આવેલ તમામ નગરપાલિકાના ચીફ ઓફિસરશ્રી | સભ્ય |
| ૪ | સમાજ કલ્યાણ અધિકારી(પંચાયત) | સભ્ય સચિવ |
| ૫ | રેલ્વે વિભાગના એક પ્રતિનિધિ | સભ્ય |
| ૬ અને ૭ | બે સ્વૈચ્છિક સંસ્થાના પ્રતિનિધિ | સભ્ય |
| ૮ અને ૯ | સફાઈ કામદારોના બે પ્રતિનિધિ જે પૈકી એક મહિલા | સભ્ય |

ક્ર: ૦૬ થી ૦૯ પરના પ્રતિનિધિઓના નામો જિલ્લા કલેકટરશ્રીઓએ નકકી કરવાના રહેશે.

૩. ભારત સરકારના સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રાલય ધ્વારા મેન્યુઅલ સ્કેવેન્જર્સના સર્વે માટે પ્રસિધ્ધ કરાયેલ ગાઈડ લાયન્સની સૂચનાઓ મુજબ ભારત સરકારના સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રાલય અને રાષ્ટ્રીય સફાઈ કર્મચારી નાણાં અને વિકાસ નિગમ, નવી દિલ્હી પાસેથી સર્વેની કામગીરી માટે ફંડ મેળવવા માટે ગુજરાત સફાઈ કામદાર વિકાસ નિગમ, ગાંધીનગરને સ્ટેટ ચેનેલાઈઝીંગ એજન્સી જાહેર કરવામાં આવે છે.

૪. સર્વે માટે પ્રસિધ્ધ કરાયેલ ગાઇડ લાયન્સની સૂચનાઓ મુજબ સર્વેની કામગીરી માટે રાજ્ય સરકાર હસ્તકની કચેરીમાં સેલ ઉભો કરી સેલમાં જરૂરી સંખ્યામાં કર્મચારીઓની નિમણૂક કરવાની થાય છે. પ્રસ્તુત સર્વેની કામગીરી માટે આથી ગુજરાત સફાઇ કામદાર વિકાસ નિગમ, ગાંધીનગરની કચેરી ખાતે ત્રણ માસ માટે અલાયદો સેલ શરૂ કરી સેલમાં નીચે મુજબના કર્મચારીઓને નિમણૂક કરવાની અનુમતિ આપવામાં આવે છે.

| ક્રમ | હોદ્દો | સંખ્યા | ફિક્સ પગાર રુપિયા | કુલ માસિક ખર્ચ રુપિયા |
|---|---|---|---|---|
| ૧ | પ્રોજેક્ટ મેનેજર | ૨ | ૧૫,૦૦૦/- | ૩૦,૦૦૦/- |
| ૨ | ડેટા ઓપરેટર | ૨ | ૫,૦૦૦/- | ૧૦,૦૦૦/- |
| ૩ | ડ્રાઈવર | ૧ | ૪,૦૦૦/- | ૪,૦૦૦/- |
| ૪ | પટાવાળા | ૧ | ૪,૦૦૦/- | ૪,૦૦૦/- |
| કુલ | | ૬ | | ૪૮,૦૦૦/- |

ઉપરોકત જગ્યાઓ ભરતી થયા તારીખથી ત્રણ માસ માટે જ ચાલુ રાખવાની રહેશે. પ્રસ્તુત સેલમાં સ્ટેશનરી ખર્ચ, વાહન ખર્ચ અને અન્ય કન્ટીજન્સી ખર્ચ નિયમાનુસાર કરવાના રહેશે.

૫. સર્વે માટે પ્રસિધ્ધ કરાયેલ ગાઈડ લાયન્સ મુજબના સાહિત્યનું ભાષા નિયામક ધ્વારા નકકી કરવામાં આવેલ દરના ધોરણે અંગ્રેજીમાંથી ગુજરાતીમાં ભાષાંતર માન્ય ભાષાંતરકાર પાસે કરાવવાનું રહેશે.

૬. મેન્યુઅલ સ્કેવેન્જર્સના સર્વે માટે રાજ્યના તમામ કલેકટરશ્રીઓ, મહાનગરપાલિકાઓ, અને નગરપાલિકાઓની કચેરીઓમાંથી એક-એક માસ્ટર ટ્રેનર્સ નકકી કરી, તેઓને રાજ્ય કક્ષાએથી સર્વે અંગેની તાલીમ આપવા અને સદરહુ જિલ્લા કલેકટર કચેરી, મહાનગરપાલિકા અને નગરપાલિકાના માસ્ટર ટ્રેઈનર્સ ધ્વારા જિલ્લા કલેકટર કચેરી, મહાનગરપાલિકા અને નગરપાલિકાએ સર્વે માટે નિયત સંખ્યામાં નકકી કરેલ ગણતરીકારો અને સુપરવાઈઝરોને કલેકટરશ્રીના માર્ગદર્શન હેઠળ તાલીમ આપવાની રહેશે.

૭. મેન્યુઅલ સ્કેવેન્જર્સના સર્વે માટે રાજ્યના તમામ જિલ્લાઓમાં જિલ્લા કલેકટરશ્રીઓને અને તાલુકાઓમાં સંબંધિત પ્રાંત અધિકારીશ્રીઓને નોડલ અધિકારી તરીકે જાહેર કરવામાં આવે છે.

૮. રાજ્યની તમામ ૧૯૫ નગરપાલિકાઓમાં વસ્તી ગણતરી ૨૦૧૧ અન્વયે મેન્યુઅલ સ્કેવેન્જર્સ/ઈન સેનેટરી લેટરીનના હાઉસ હોલ્ડ અને હાઉસ લીસ્ટીંગની માહિતીને ધ્યાનમાં લઈ ગણતરીકારો અને સુપરવાઈઝરોની જરૂરી સંખ્યા નકકી કરી તેઓની નિમણૂંક કરવા, તેઓને ઓળખપત્રો આપવા, સાહિત્ય પુરુ પાડવા તથા મેન્યુઅલ સ્કેવેન્જર્સ સેલ્ફ ડેકલેરેશન કરી શકે તે માટે દરેક મહાનગરપાલિકા અને નગરપાલિકાના વોર્ડવાર નિયત સ્થળ, સમય અને તારીખ નકકી કરી તે મુજબ કામગીરી જિલ્લા કલેકટરશ્રીઓએ કરવાની રહેશે.

૯. એનુમરેટર ધ્વારા ડેટા બેઝમાં ઉપલબ્ધ તમામ વ્યકિતઓનો રૂબરુ સંપર્ક કરી વ્યકિત મેન્યુઅલ સ્કેવેન્જર્સ છે કે કેમ તે બાબતે સમર્થ /અસમર્થ હોવાનો અહેવાલ રજૂ કરવાનો રહેશે. એનુમરેટરે એન.જી.ઓ. ધ્વારા રજૂ કરવામાં આવેલા લિસ્ટની પણ ચકાસણી કરવાની રહેશે. એનુમરેટર રાજ્ય સરકારનો જિલ્લા અથવા તાલુકા કક્ષાનો કર્મચારી રહેશે. ખાનગી કે સ્વૈચ્છિક સંસ્થાનો કર્મચારી રાખી શકાશે નહિ.

૧૦. ચકાસણી થઇ ગયા બાદ જો નિર્જળ જાજરૂની સંખ્યા ૧૦૦૦ થી વધુ હોય તો સુપરવાઇઝર ધ્વારા ૧૦૦ ટકા, સંખ્યા ૧૦૦૦-૯૯૯૯ હોય તો ૫૦ ટકા, સંખ્યા ૧૦૦૦૦ થી વધારે હોય તો ૩૩ ટકા પુનઃ ચકાસણી કરવાની રહેશે. સુપરવાઇઝર પણ રાજ્ય સરકારનો જિલ્લા કક્ષાનો કર્મચારી રહેશે.

૧૧. તૈયાર થયેલ યાદીને કોમ્પયુટર ઓપરેટર ધ્વારા એન.આઇ.સી. ધ્વારા તૈયાર કરાયેલ મોડયુલમાં એન્ટ્રી કરવાની રહેશે અને જિલ્લા કક્ષાએ લોકલ ઓથોરીટી (કલેકટર) ધ્વારા વર્તમાન પત્રો કે અન્ય માધ્યમો મારફતે લોકો માટે જાહેર કરવાની રહેશે.

૧૨. લોકલ ઓથોરીટી ધ્વારા લોકો પાસેથી બે અઠવાડીયા સુધીમાં યાદી પરત્વે સુચનો, વિરોધ, નવા કલેઇમ વગેરે મંગાવવાના રહેશે અને તેના સમર્થનમાં જરૂરી સાધનિક પુરાવા મેળવવાના રહેશે અને તેની વિગતો જિલ્લા કક્ષાના વેબસાઇટ ઉપર પબ્લિક ડોમેઇનમાં મૂકવાની રહેશે. આ વિગતોની ચકાસણી તાલુકા કક્ષાએ મામલતદાર/ તાલુકા વિકાસ અધિકારી મારફતે ચકાસણી કરી / સુનાવણી કરી અહેવાલ રજૂ કરવાનો રહેશે અને યાદીમાં નવા નામોનો સમાવેશ કરવાનો થતો હોય તો તેનો પણ અભિપ્રાય આપવાનો રહેશે અને જે તે જિલ્લાની યાદીમાં સુધારો કરવાનો રહેશે.

૧૩. તૈયાર થયેલ યાદીને તાલુકા કક્ષાની સર્વે સમિતિમાં મંજૂરી મેળવ્યાબાદ જિલ્લા કક્ષાની સર્વે સમિતિમાં રજૂ કરવાની રહેશે. જિલ્લા કક્ષાની સર્વે સમિતિમાં મંજૂર થયા બાદ યાદીને નગરપાલિકા, તાલુકા કચેરી, જિલ્લા કચેરી, લોકલ વર્તમાનપત્ર વગેરે જગ્યાએ મૂકવાની રહેશે.

૧૪. આખરી યાદીને જિલ્લા કક્ષાની અને રાજ્ય કક્ષાની વેબસાઇટ પર મૂકવાની રહેશે.

૧૫. રાજય કક્ષાની સર્વે સમિત ધ્વારા કલેકટરશ્રીઓ મારફતે નોડલ વિભાગને મોકલવામાં આવેલી યાદીને એકત્રીત કરી આખરી મંજૂરી આપી કેન્દ્ર સરકારને મોકલવાની રહેશે.

ઉપરોકત સર્વે પરત્વે થનાર ખર્ચ ભારત સરકારના સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રાલય ધ્વારા મેન્યુઅલ સ્કેવેન્જીંગ અંગેના સર્વેની કામગીરી માટે ઉપલબ્ધ થનાર ફંડમાંથી કરવાનો રહેશે.

આ હુકમો આ વિભાગની સમાન ક્રમાંકની ફાઈલ પર શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગની તથા સરકારશ્રીની તા.૧૨-૩-૨૦૧૩ની નોંધથી મળેલ અનુમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાત રાજયના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

( પી.એલ.ઝાલા )
નાયબ સચિવ
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ

નકલ રવાના:
-માન.રાજયપાલશ્રીના અંગત સચિવશ્રી, રાજ ભવન, ગાંધીનગર.
- માન. મુખ્ય મંત્રીશ્રીના અગ્ર સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- માન. મંત્રીશ્રીઓના અંતગ સચિવશ્રીઓ, સચિવાલય, ગાંધીનગર.
- માન. રા.ક.મંત્રીશ્રીઓના અંતગ સચિવશ્રીઓ, સચિવાલય, ગાંધીનગર.
- મુખ્ય સચિવશ્રીના નાયબ સચિવશ્રી, ગુજરાત રાજય, ગાંધીનગર.
- અગ્ર સચિવશ્રી, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ૫, સચિવાલય, ગાંધીનગર.
- અગ્ર સચિવશ્રી, શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- અગ્ર સચિવશ્રી, પંચાયત, ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સર્વે જિલ્લા કલેકટરશ્રીઓ.
- નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- નિયામકશ્રી, નગરપાલિકાઓની કચેરી, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- મેનેજીંગ ડીરેકટરશ્રી, ગુજરાત સફાઇ કામદાર વિકાસ નિગમ, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- તમામ ચીફ ઓફીસરશ્રી નગરપાલીકાઓ(નિયામકશ્રી નગરપાલિકા મારફત))
- મુખ્ય કારોબારી અધિકારીશ્રી, ગુજરાત મ્યુનિસીપલ ફાઈનાન્સ બોર્ડ, સેકટર-૧૭/એ, ગાંધીનગર.
- નિયામકશ્રી, અર્થશાસ્ત્ર અને આંકડા બ્યુરો, સેકટર-૧૭ ગાંધીનગર.
- વિભાગીય નિયામકશ્રી, એન.આઈ.સી., બ્લોક નં. ૧૩, સચિવાલય, ગાંધીનગર.
- તમામ પ્રાંત અધિકારીશ્રી/તમામ મામલતદારશ્રી (જીલ્લા કલેકટરશ્રીઓ મારફત)
- તમામ જિલ્લા પછાતવર્ગ કલ્યાણ અધિકારીશ્રીઓ (નિયામકશ્રી અ.જા.ક.મારફત)
- તમામ જિલ્લા સમાજ કલ્યાણ અધિકારીશ્રીઓ (પંચાયત) (નિયામકશ્રી અ.જા.ક.મારફત)
- ડિવીઝનલ મેનેજરશ્રી, રેલ્વે, અમદાવાદ.
- શ્રી જયેશભાઈ પટેલ, પ્રમુખશ્રી, હરીજન સેવક સંઘ, અમદાવાદ.
- નિયામકશ્રી, કામદાર સ્વાસ્થ્ય સુરક્ષા મંડળ, અમદાવાદ.
- સિલેકટ ફાઈલ.